ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો.ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – 380009.

ક્રમાંક: જીયુસીબીએફ/51/410 તા:30/12/2025

તમામ અર્બન કો. ઓપરેટીવ બેન્કો

Reserve Bank of India (Urban Co-operative Banks – Know Your Customer) Amendment Directions, 2025 પરીપત્ર તરફથી તા. 29/12/2025 ના પરિપત્ર ગુજરાતી અનુવાદ આ સાથે મોકલીએ છીએ. વધુ સ્પષ્ટ અર્થઘટન માટે અંગ્રેજી પરિપત્ર નો આધાર લેવો. આ પરિપત્ર ફેડરેશનની વેબસાઇટ www.gujfed.com ઉપર Circular In Gujarati Menu માં મૂકવામાં આવેલ છે

આપનો વિશ્વાસુ

(જે.વી.શાહ)

ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

RBI/2025-26/165

DOR.AML.REC.369/14.01.006/2025-26 તારીખ:29 ડિસેમ્બર, 2025

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(અર્બન કોઓપરેટિવ બેંકો – તમારા ગ્રાહકને ઓળખો [KYC]) સંશોધન નિર્દેશો, 2025

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પીએમએલએ અધિનિયમ, 2002 તથા તે હેઠળ બનાવવામાં આવેલા નિયમોના પાલન માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (અર્બન કોઓપરેટિવ બેંક – તમારા ગ્રાહકને ઓળખો [KYC]) નિર્દેશો, 2025 તારીખ 28 નવેમ્બર, 2025 ના રોજ જારી કર્યા હતા

હવે, ગ્રાહકોના રેકોર્ડ CKYCR પર અપલોડ કરનાર તથા ત્યાંથી ડાઉનલોડ કરનાર સંસ્થાઓની જવાબદારી સ્પષ્ટ કરવા માટે આ નિર્દેશોમાં સંશોધન કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ સ્પષ્ટતા ભારત સરકારના નાણાં મંત્રાલયના આવક વિભાગ દ્વારા તારીખ 18 સપ્ટેમ્બર, 2025 ના રોજ જારી કરાયેલ ઓફિસ મેમોરેન્ડમ (OM) "CKYCR અને નિયમિત સંસ્થાઓ (REs) ની અંતિમ જવાબદારી" – ના આધારે કરવામાં આવી રહી છે.

2. તેથી, બેંકિંગ રેગ્યુલેશન અધિનિયમ, 1949 ની કલમ 35A, બેંકિંગ રેગ્યુલેશન અધિનિયમ (AACS), 1949 તેમજ તે અધિનિયમની કલમ 56 સાથે વાંચવામાં આવતી જોગવાઈઓ, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ અધિનિયમ, 2007 (અધિનિયમ ક્રમાંક 51 of 2007) ની કલમ 10(2) ને કલમ 18 સાથે વાંચીને, વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ, 1999 ની કલમ 11(1), મની લોન્ડરિંગ નિવારણ (રેકોર્ડ જાળવણી) નિયમો, 2005 ના નિયમ 9(14) તેમજ આ બાબતે લાગુ પડતા અન્ય તમામ સક્ષમ કાયદાઓ હેઠળ પ્રદાન કરાયેલ સત્તાનો ઉપયોગ કરીને, રિઝર્વ બેંક જાહેર હિતમાં આ કરવું જરૂરી અને યોગ્ય હોવાનું માન્ય રાખીને, નીચે દર્શાવેલ સંશોધન નિર્દેશો અહીંથી જારી કરે છે.

3. ટૂંકું શીર્ષક અને અમલ

(1) આ નિર્દેશોને "રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (અર્બન કોઓપરેટિવ બેંક – તમારા ગ્રાહકને ઓળખો [KYC]) સંશોધન નિર્દેશો, 2025" તરીકે ઓળખવામાં આવશે.

(2) આ નિર્દેશો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

4. આ સંશોધન નિર્દેશો નીચે મુજબ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (અર્બન કોઓપરેટિવ બેંક – તમારા ગ્રાહકને ઓળખો [KYC]) નિર્દેશો, 2025 માં ફેરફાર કરે છે:

(1) પેરા 64 માં ઉપ-પેરા (10) પછી નીચે મુજબનું "સ્પષ્ટીકરણ (Explanation)" ઉમેરવામાં આવે છે:

"સ્પષ્ટીકરણ: જે નિયમિત સંસ્થા (RE) દ્વારા છેલ્લે ગ્રાહકના KYC રેકોર્ડ CKYCR પર અપલોડ કે અપડેટ કરવામાં આવ્યા હશે, તે સંસ્થા સંબંધિત રીતે ગ્રાહકની ઓળખ અને/અથવા સરનામાની ચકાસણી માટે જવાબદાર રહેશે. તે અનુસાર, CKYCR પરથી આવા રેકોર્ડ ડાઉનલોડ કરી તેના પર આધાર રાખનાર કોઈપણ બેંકને ગ્રાહકની ઓળખ અને/અથવા સરનામાની ખરાઈ ફરીથી ચકાસવાની જરૂર રહેશે નહીં, જો CKYCR પરથી ડાઉનલોડ કરાયેલા KYC રેકોર્ડ વર્તમાન (અપ-ટુ-ડેટ) હોય અને પીએમએલએ અધિનિયમ, 2002 તથા પીએમએલએ નિયમો, 2005 સાથે સુસંગત હોય.

તથા, CKYCR પરથી ડાઉનલોડ કરાયેલા KYC રેકોર્ડ પર આધાર રાખનાર બેંક, ગ્રાહકની ઓળખ અને/અથવા સરનામાની ચકાસણી સિવાય, CDD પ્રક્રિયા તથા આ નિર્દેશોની જોગવાઈઓ સંબંધિત તમામ બાબતો માટે જવાબદાર રહેશે."

(વીણા શ્રીવાસ્તવ)

(Chief General Manager)